જીવો છે; તે પ્રમાણે ખાતાં-પીતાં, જતાં-આવતાં, રોતાં-બોલતાં, નાસતાં-ભાગતાં ઘણા જીવો જોવામાં આવે છે. જે શરીરમાં ચેતના હોવાનું જાણવામાં આવે, તેને જીવ ગણવા. ૧.

## જીવોના મુખ્ય બે ભેદો

### તેમાં - સંસારી જીવોના બે ભેદો.
### તેમાં - સ્થાવર જીવોના પાંચ ભેદો

**जीवा मुत्ता संसारिणो य, तस थावरा य संसारी ।**
**पुढवी-जल-जलण-वाउ-वणस्सई थावरा नेया ॥ २ ॥**

**अन्वयः मुत्ता संसारिणो य जीवा, तस थावरा य संसारी ।**
**पुढवी-जल-जलण-वाउ-वणस्सई थावरा नेया. ॥ २ ॥**

### શબ્દાર્થ

**મુત્તા**- મોક્ષમાં ગયેલા, **ય** - અને, **સંસારિણો**-સંસારમાં ફરતા, **જીવા**-જીવો, **તસ**-ત્રસ, **થાવર**-સ્થાવર, **સંસારી**-સંસારી, **પુઢવી**-પૃથ્વી. **જલ**-પાણી, **જલણ**-અગ્નિ, **વાઉ**-વાયુ, **વણસ્સઇ**-વનસ્પતિ, **પુઢવી-જલ-જલણ-વાઉવણસ્સઇ**-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, **નેયા**- જાણવા.૨.

### ગાથાર્થ

મોક્ષમાં ગયેલા અને સંસારી-સંસારમાં ફરતા જીવો(છે.) ત્રસ અને સ્થાવર સંસારી (જીવો છે.) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ સ્થાવરો જાણવા. ૨.